ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

મનપાની સામાન્ય સભામાં મિલ્કતવેરાના દરમાં આંશિક વધારાની દરખાસ્ત ગ્રાહ્ય

કોંગ્રેસે વિરોધમાં પ્લેકાર્ડ દર્શાવી સંપૂર્ણ ફગાવવાની વાત કરતાં ગૃહમાંથી દૂર કરવાના મેયરે આદેશ કર્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભાએ આજે કમિશનરે મિલ્કતવેરાના દરમાં વધારો કરવાની રજુ કરેલી દરખાસ્તને આંશિક રીતે સ્વીકારી હતી. જો કે મિલ્કતોના ટ્રાન્સફર ફી ના દરમાં સુધારાને બહાલી આપી હતી.

મેયર હિતેશ મકવાણાના અધ્યક્ષપદે આજે મળેલ મનપાની સામાન્ય સભામાં મિલ્કતવેરાના દરમાં રૂ. ૫ નો તેમજ વાણિજ્યક વિસ્તારના મિલ્કત વેરાના દરમાં રૂ. ૧૦ના વધારાની દરખાસ્ત પર ચર્ચાઓ થઈ હતી બાકીના બધાજ મુદ્દા મંજૂર રાખવામાં આવ્યા હતા.

એજન્ડામાં વિષય ૧૦ પર રખાયેલી મિલ્કતવેરાના દરમાં સુધારો કરતી દરખાસ્ત પરની ચર્ચામાં આજે ૫ સભ્યોએ ભાગ લીધો હતો. ભાજપ તરફથી ગૌરાંગ વ્યાસે ચર્ચાનો આરંભ કરતાં રહેણાંક અને વાણિજ્ય વિસ્તારના મિલ્કતવેરાના દરમાં વધારો અસહ્ય હોઈ રાહત આપવા માંગણી કરી હતી. ભાજપના જ પદમસિંહે પણ રાહત આપવી જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી હતી. કોંગ્રેસના અંકિત બારોટે ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતું કે શહેરની હદમાં વધારો કરવામાં આવ્યો છે અને હજુ સુવિધાઓ નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં પહોંચાડી શક્યા નથી ત્યારે આ દરખાસ્ત ફગાવી દેવી જોઈએ તેવી ઉગ્ર રજુઆત કરી હતી.ભાજપના શૈલેષ પટેલે ચર્ચામાં ભાગ લેતાં ગ્રામીણ વિસ્તારમાં પ્રથમ વર્ષે કોઈ વેરો નહિ બીજા વર્ષે ૨૫ ટકા, ત્રીજા વર્ષે ૫૦ ટકા રાહત સાથે વેરા વસુલાતની વાત કરાઈ હતી પરંતુ વેરાની વસુલાતમાં કોઈ રાહત ગ્રામીણ વિસ્તારને ભેળવ્યા પછી આપવામાં આવી નથી ત્યારે આ વેરો વધારાની દરખાસ્ત ગ્રામીણ પ્રજા પર બોજ બનશે અને તે પાછી ખેંચવી જોઈએ તેવી રજુઆત કરી હતી. ભાજપના જ મહેન્દ્રભાઈ દાસે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યુ હતુ કે વિકાસની ભૂખ લોકોની વધી છે અને સતત કામ કરાવવા આપણે સૌ દોડતા હોઈએ છીએ. કામોના ખર્ચને પહોંચી વળવા આવક જરૂરી છે. તેમણે મિલ્કતવેરાના દરમાં રાહત આપવી જોઈએ તેમજ આવકના સાધનોના સઘનીકરણ થકી આવક જળવાઈ રહે અને વૃદ્ધિ પામે તેવો માર્ગ અપનાવવા જણાવ્યુ હતુ.

તેમણે કોંગ્રેસના અંકિત બારોટે ટ્રીપલ એન્જીન સરકારનું એન્જીન બેસી ગયાની વાતનો છેદ ઉડાડતાં દાસે જણાવ્યુ હતુ કે વિકાસયાત્રાનો આરંભ થયો છે અને એન્જીન બેસી જવાનુ નથી પણ સ્પીડમાં વધારો થશે. આ પછી મેયર હિતેશ મકવાણાએ ચર્ચાને અંતે સભ્યોની લાગણીને સમજી હતી અને તેમણે મિલ્કતવેરાના દરમાં રાહત આપવાની દરખાસ્ત રજુ કરતાં જણાવ્યુ હતુ કે રહેણાંક વિસ્તારમાં રૂ. ૧.૨૫ નો વધારો અને વાણિજ્ય મિલ્કતોના દરમાં રૂ. ૨.૨૫નો જ વધારો કરાશે તેમ જણાવ્યુ હતુ અને ચર્ચાનું સમાપન કર્યુ હતુ. ગાંધીનગર મનપા દ્વારા ૧૧ વર્ષ બાદ મિલ્કતવેરાના દરમાં વધારો કરાયો છે. રહેણાંક વિસ્તારમાં મિલ્કતવેરાનો દર ૧૧.૨૫ પ્રતિ ચો.મી. પ્રમાણે અને વાણિજ્ય મિલ્કતોમાં આ દર રૂ. ૨૨.૨૫ પૈસા રહેશે. મેયરની જાહેરાતને સભ્યોએ પાટલી થપથપાવી આવકારી હતી જ્યારે કોંગ્રેસ પક્ષે આ વધારાની દરખાસ્તને ફગાવી દેવાની માંગણી સાથે સભામાં હોબાળો શરૂ કર્યો હતો. અંકિત બારોટ અને કનુસિંહ વાઘેલાએ સુવિધા આપો પછી કર વધારો સુવિધા નહિ તો કર વધારો નહિ ના પ્લે કાર્ડ દર્શાવતા મેયરે આ સભ્યોને ગૃહમાંથી દૂર કરવા આદેશો કર્યા હતા. આ વેળાએ સલામતિ સ્ટાફ દ્વારા પ્લેકાર્ડ છીનવી ફાડવામાં આવતાં અંકિત બારોટે વિરોધ કરતાં જણાવ્યુ હતુ કે વિરોધ કરવો અમારો અધિકારી છે પણ છીનવી લઈ તેને ફાડી ગૃહમાં કચરો નાખવો એ ગૃહની ગરિમાનું અવમાન છે તેમ કહેતાં કહેતા બન્ને સભ્યો ગૃહ છોડી ગયા હતા.

જો કે આ પછી ગણતરીની મિનિટોમાં જ સભાની કામગીરી પૂર્ણ થયાની જાહેરાત મેયર મકવાણાએ કરી હતી.

તમે ૩ છો અમે ૪૧ છીએ...

તમારી જેમ અમે પણ લોકો વચ્ચે જઈએ જ છીએ સામાન્ય સભામાં તીખી નોંકજોક જોવા મળી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજની સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે શાબ્દીક ટપાટપી પણ જોવા મળી હતી.

મિલ્કતવેરાના દરમાં વધારાની દરખાસ્ત પર કોંગીના અંકિત બારોટે પડકારની ભાષામાં કહ્યુ હતુ કે આવો અમે તમને બતાવીએ કે લોકોમાં કેવો વિરોધ ભભૂકી રહ્યો છે. કોરોનાની સ્થિતિ પછી લોકો આર્થિક સંકડામણ અનુભવી રહ્યા છે ત્યારે આ પ્રકારે કરબોજ લાદવો યોગ્ય નથી.

ભાજપના ગૌરાંગ વ્યાસે તરત જ કહ્યુ હતુ કે તમે તો ૩ છો અમે ૪૧ છીએ અમે પણ પ્રજામાં ફરીએ છીએ. રાહત આપવી જોઈએ તેવી લાગણી અમે રજુ કરી જ છે. તમે એકલા જ ફરો છો એવુ નથી.

મહેન્દ્રભાઈ(દાસ) પટેલે પણ વિકાસ માટેની ભૂખ વધી છે ત્યારે આંશિક વધારો કરવામાં આવે તે યોગ્ય છે. તેમણે કોંગ્રેસની વાતોનો પણ છેદ ઉડાવી અને કવિતાની પંક્તિઓ ટાંકી હતી.

સર્વાનુમતે સ્વીકારેલી દરખાસ્તનો સ્થાયી સમિતિના જ ત્રણ સભ્યો દ્વારા રાહતની માંગ કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિએ કમિશનરે મિલ્કતવેરાના દરમાં રૂ. ૫ અને રૂ. ૧૦ના વધારાની દરખાસ્તને સર્વાનુમતે સ્વીકૃત્તિ આપી હતી. જ્યારે આજે સામાન્ય સભામાં સ્થાયી સમિતિના ત્રણ સભ્યોએ જ ઉભા થઈ વધારામાં રાહત આપવાની માંગણી કરી હતી જે વાતે પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

સ્થાયી સમિતિના સભ્યો પદમસિંહ, શૈલેષ પટેલ અને મહેન્દ્ર પટેલે રાહત આપવાની રજુઆતે સૌને ચોંકાવ્યા હતા. શૈલેષ પટેલે તો શહેરમાં ગ્રામીણ વિસ્તારો ભેળવતાં પહેલાં ગ્રામીણસ્તરે યોજાયેલ બેઠકોમાં ભાજપે કરેલી વાતોની યાદ સામાન્ય સભામાં સૌને કરાવી હતી. કોંગીના સભ્યોએ તો વધારાની દરખાસ્તને સંપૂર્ણ રીતે ફગાવી દેવાની માંગ કરી હતી. ભાજપના ગૌરાંગ વ્યાસ ચર્ચાના આરંભમાં જ દરખાસ્તમાં રાહત આપવાની માંગ કરી તો કેટલો વધારો કરવો જોઈએ તે મુદ્દો ભૂલી ગયા હતા તેથી તેમણે મહેન્દ્રભાઈ પટેલના પ્રવચન પછી મિલ્કતવેરાના સૂચિત દરો ઉભા થઈને સૂચવ્યા હતા અને પદમસિંહે તેમાં સૂર પુરાવ્યો હતો.

મનપાની બેઠકની સાથે સાથે...

ગાંધીનગર, તા. ૧૦

● ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં પાંચ કાઉન્સીલરો, મ્યુનિ કમિશનર તેમજ નાયબ મ્યુનિ. કમિશનર ગેરહાજર રહ્યા હતા.

● લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે આજે એક મહિલા કાઉન્સીલર લગ્નમાંથી સીધા સામાન્ય સભામાં હાજરી આપવા પહોંચ્યા હતા.

● મનપામાં આજે ઈન્ચાર્જ કમિશનર તરીકે નાયબ મ્યુનિ. કમિશનર ગુણવંતસિંહ સોલંકીએ સ્થાન શોભાવ્યુ હતુ.

● ગાંધીનગર મનપાની સભાના આરંભમાં રાજ્યમાં જી-૨૦ સમીટના આયોજન અંગે તેમજ રાજ્યમાં પુનઃ ભાજપની સરકાર બનાવી સત્તાના સૂત્રો સંભાળનાર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અભિનંદન આપવામાં આવ્યા હતા.

● રાજ્ય સરકારમાં આઈ.એ.એસ. તરીકે બઢતી આપનાર મનપાના બે નાયબ કમિશનરો સી.એમ. ત્રિવેદી અને ગુણવંતસિંહ સોલંકીને પણ અભિનંદન આપવામાં આવ્યા હતા.

● તુર્કી અને સિરીયામાં આવેલા વિનાશક ભૂકંપમાં જીવ ગુમાવનાર આત્માઓને આજની સામાન્ય સભામાં બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

● મનપાની પોતાની ઓફિસમાં પોતાના સભાખંડમાં પ્રથમ બેઠક મળી રહી હોવાથી સભ્યોમાં હરખની લાગણી જોવા મળતી હતી.

● મનપાના પોતાના સભાખંડમાં પ્રથમ બેઠક મળી રહી હોવાથી કોંગીના સભ્ય અંકિત બારોટે મેયરને યજ્ઞ કરાવવાની ભલામણ કરતાં જણાવ્યુ હતુ કે નકારાત્મક શક્તિઓ આ ખંડમાં પ્રવેશ પામી શકે નહિ તે માટે આ જરૂરી છે.

● ગાંધીનગર મનપાની કચેરીમાં પોતાના સભાખંડમાં પ્રથમ બેઠકમાં ચર્ચામાં પાંચ સભ્યોએ ભાગ લીધો હતો જે પણ નોંધનીય છે. મનપાની સામાન્ય સભામાં કોંગ્રેસના વિરોધ પછી દરખાસ્તો પસાર કરાતી હતી અને ચર્ચા થતી ન હતી.

● મનપાના સભાખંડમાં સભ્યો માટેની બેઠક વ્યવસ્થા તેમજ પત્રકારોની બેઠક વ્યવસ્થા અને પ્રજા માટેની દીર્ઘાની અલગ વ્યવસ્થા રાખવામાં આવી છે.

● મનપાની આજની સભામાં ૮ એજન્ડામાં રિવાઈઝ્ડ બજેટ ગ્રાન્ટમાં વધારો કરી સૂચવવા માટેના હતા.

મેયરની નગરજનોને ભેટ : ભાવિકોને નિઃશુલ્ક અંબાજીની યાત્રા કરાવાશે

મુસાફરીનો ખર્ચ મેયરની ગ્રાન્ટમાંથી ચુકવાશે

ગુજરાત સરકાર દ્વારા ભક્તજનો માટે અંબાજીની યાત્રાના ભાડામાં ૫૦% રાહતે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તારીખ ૧૨ ફેબ્રુઆરીથી ૧૬ ફેબ્રઆરી સુધી યાત્રાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ યાત્રાનો ભાવિકોએ ચુકવવાનો થતો ટિકિટ ખર્ચ ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણાની ગ્રાન્ટમાંથી કરવામાં આવશે. સવારે ૬.૩૦ કલાકે અંબાજી જવા માટે એક-એક બસ ઉપડશે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. આ યાત્રા દરમિયાન યાત્રિકો માટે પાણી-અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવશે. સેક્ટર ૧૩ બી શોપીંગ, સેક્ટર ૨૪ ચંદ્ર ફોટો સ્ટુડિઓ ચોક, પેથાપુર બસ સ્ટેન્ડ, ઈન્દ્રોડા બસ સ્ટેન્ડ, મહાકાલી મંદીર વાવોલ ભાગોળ, સરગાસણ ચાર રસ્તા, ઓમ કારેશ્વર મંદીર, રાંધેજા બસ સ્ટેન્ડ, કલ્પતરુ મિલેનીયમ ઝુંડાલ, બોરીજ બસ સ્ટેન્ડ ચોકથી તારીખ ૧૨,૧૩ અને ૧૪ ફેબ્રુઆરીના રોજ જ બસ ઉપડશે. તારીખ ૧૫ તથા ૧૬ ફેબ્રુઆરી માટેના રૂટની જાહેરાત હવે પછીથી કરવામાંઆવશે.

જાણીતા લેખક-કોલમિસ્ટ સુરેશ પ્રા. ભટ્ટનું દુઃખદ નિધન

'સલામી સવારની' અને 'સુપ્રભાતમ્'ના લેખક શિક્ષણ અને સાહિત્ય જગતને છેલ્લી સલામ કરી ગયા રવિવારે સાંજે ૪ થી ૬ દરમિયાન બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ખાતે બેસણું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના જાણીતા લેખક શ્રી સુરેશ પ્રા.ભટ્ટનું ગુરુવારે મોડી રાત્રે દુઃખદ નિધન થયું છે. તેઓ ૮૫ વર્ષના હતા. શુક્રવાર, તા. ૧૦મી ફેબ્રુઆરીએ સવારે ગાંધીનગરના સેક્ટર-૩૦ અંતિમધામમાં તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. ગાંધીનગરના આગેવાન નાગરિકો, પત્રકારો, સાહિત્યકારો અને પરિવારજનોએ સ્વર્ગસ્થ શ્રી સુરેશ પ્રા.ભટ્ટને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

રાજ્યપાલના પ્રેસ સેક્રેટરી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના ટ્રસ્ટી હિરેન ભટ્ટ, ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ લિમિટેડ, સાણંદના ઑપરેશન હેડ આશિષ ભટ્ટ અને ગાંધીનગર લાયોનેસ ક્લબના પૂર્વ પ્રમુખ શ્રીમતી આરતી હૃષિકેશ ભટ્ટના પિતાજી શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટ ૧૯૩૮ની ૨૮ ડિસેમ્બરે ભુજ-કચ્છમાં જન્મ્યા હતા. વર્ષોથી ગાંધીનગરમાં સ્થાયી થયેલા શ્રી ભટ્ટ છેલ્લે શિક્ષણાધિકારી પદેથી નિવૃત્ત થયા હતા. કચ્છ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં આજે પણ અસંખ્ય અને વિદ્યાર્થીઓમાં તેઓ 'માસ્તર' તરીકે અભૂતપૂર્વ ચાહના ધરાવે છે.

ગુજરાતી ભાષાના શિક્ષક રહેલા શ્રી સુરેશ પ્રા. ભટ્ટે ટૂંકી વાર્તા અને રેડિયો નાટકોથી લેખનની શરૂઆત કરી હતી. શૈક્ષણિક ટીવી કાર્યક્રમના નિર્માતા તરીકે તેમણે ૧૦૦ થી વધુ ટીવી કાર્યક્રમોનું નિર્માણ કર્યું હતું. તેમણે લખેલી ત્રણ કલાકની ટેલીફિલ્મ 'મૂંઝારો' દૂરદર્શનના રાષ્ટ્રીય પ્રસારણમાં પ્રસારિત થઈ હતી, જેને વિવેચકોએ ખૂબ વખાણી હતી. નિયમિતતા, નિષ્પક્ષતા, નિર્ભિકતા અને નિષ્ઠા તેમના વ્યક્તિત્વની સાચી ઓળખ હતી. પાટનગરમાંથી પ્રસિદ્ધ થતા 'ગાંધીનગર સમાચાર'માં તેમની દૈનિક કોલમ સુપ્રભાતમ્ અત્યંત લોકપ્રિય કોલમ હતી. સતત, દરરોજ, નિયમિત રીતે ૨૫ વર્ષ સુધી તેમણે આ કોલમનું આલેખન કર્યું હતું. સુપ્રભાતમ્ કોલમ પર આધારિત તેમના આઠ પુસ્તકો પ્રકાશિત થયા છે. ગાંધીનગર સમાચારના સાપ્તાહિક સંકરણમાં તેમણે સૌ પ્રથમ કોલમ 'સલામી સવારની' થી કૉલમિસ્ટ તરીકેની શરૂઆત કરી હતી. ગાંધીનગરને વર્ષો સુધી 'સવારની સલામી' આપનારા શ્રી સુરેશ પ્રા. ભટ્ટ ગુરુવારે ગાંધીનગરને છેલ્લી સલામ આપીને મહાપ્રયાણ કરી ગયા છે. તેમના નિધનથી ગાંધીનગરના શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં મોટી ખોટ પડી છે.

શ્રી સુરેશ ભટ્ટનું બેસણું રવિવાર, તા. ૧૨ ફેબ્રુઆરીએ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમિયાન બ્રહ્મભવન, સેક્ટર-૧૬ રંગમંચની સામે, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

ગાંધીનગર એક સુવ્યવસ્થિત નગર છે જો કે ઘણાને આ નગર ભુલભુલૈયા જેવુ લાગે છે. પ્રથમ વખત ગાંધીનગર આવનારાઓને કક્કાવાળા રસ્તાઓ અને સર્કલોનું ગણિત સમજાતુ નથી. આવા મુલાકાતીઓ માટે દિશાસૂચક બોર્ડ મહત્વના બની રહે છે. જો કે એ વાત અલગ છે કે આવા દિશાસૂચક બોર્ડની યોગ્ય જાળવણી થતી નથી. સેક્ટર-૨૧ના માર્કેટ કાર્મેલ સ્કૂલની સામેનું દિશાસૂચક બોર્ડ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યુ છે.

ચાર સેકટરોમાં વિવિધ કક્ષાના ૨૫૦ આવાસોનુ રીનોવેશન કરાશે

સેક્ટર-૨૯, સે-૩૦, સે-૨૧ અને સે- ૮ ના આવાસોના મજબુતીકરણ પાછળ રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના સે- ૨૧, ૨૯ , સે-૩૦ અને સે - ૮ માં આવાસોના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવશે. અંદાજિત રૂ ૧૦ કરોડના ખર્ચે વિવિધ કક્ષાના ૨૫૦ જેટલા મકાનોને રીનોવેશન હેઠળ આવરી લેવાશે. એકબાજુ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. ત્યારે કર્મચારીઓને રહેણાંકને લાયક આવાસો ફાળવવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં સર્વેના અંતે જે પણ સરકારી બ્લોકને રીનોવેશન હેઠળ આવરી લેવાય તેવા હોય તેનુ મજબુતીકરણ કરવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સેકટરોમાં આવાસોના રીનોવેશનના અંતે તંત્રના ચોપટે આવાસ માટે લાંબી થતી પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળશે.

ગાંધીનગરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો છે. જયારે અંદાજિત ૪૫ થી ૫૦ વર્ષ જુના આ આવાસો સમય જતા હવે ખંડેર બન્યા છે. જોખમી અને જર્જરિત આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે તંત્ર દ્વારા પણ જોખમી આવાસો ખાલી કરાવામાં આવે છે. આવાસોની સ્થિતિ ચકાસવા માટે અગાઉ તંત્ર દ્વારા સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સેકટરોમાં વિવિધ કક્ષાના કુલ ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ જોખમી મકાનો તબક્કાવાર તોડી નાંખવા માટે પણ મંજુરી આપવામાં આવે છે. શહેરમાં હાલ જોખમી મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. પરંતુ આવાસોના મામલે તંત્રના ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતા વિભાગ માટે કર્મચારીઓને આવાસની ફાળવણી કરવાના મામલે માથે હાથ ખંજવાળવો પડે તેવી સ્થિતિ છે. શહેરમાં જુના આવાસોનો કડુસલો કરવા ઉપરાંત નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે સેકટરોમાં આવાસોની ઘટ નિવારવા માટે સેકટરોમાં સ્થિત

● અનુસંધાન પાન-૭ પર

સે- ૨૮માં છ અને જ કક્ષાના ૨૪૦ જોખમી મકાનોનો કડુસલો કરાશે

સેક્ટરોમાં સ્થિત ૪૫૦૦ જેટલા જોખમી મકાનો પૈકી તબક્કાવાર જુના અને જર્જરિત મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં પાંચ દાયકા જુના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જેના અંતે તંત્ર દ્વારા તબક્વાર વિવિધ કક્ષાના જોખમી મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવે છે. અગાઉ પણ સે-૬,૭, ૧૨, ૧૩, ૧૬ સે-૨૯ સે-૩૦ સે-૯ સહીતના વિસ્તારમાં દાયકાઓ જુના મકાનોનો કડુસલો કરવામાં આવ્યો હતો જયારે જુના મકાનો તોડવા માટે તંત્ર કક્ષાએથી વિભાગને દરખાસ્ત કરીને મંજુરીના અંતે આવાસોનો નિકાલ કરવામાં આવે છે. શહેરના સે- ૨૮ માં પણ છ અને જ કક્ષાના ૨૪૦ મકાનો તોડવા માટે કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ સચિવાલય કાર્યરત થતા સરકારી કર્મચારીઓ માટે સેકટરોમાં તબક્કાવાર નવા મકાનો બાંધવાની યોજના હાથ ધરવામાં આવી હતી. શહેરના સેકટરોમાં કર્મચારીઓના વસવાટ માટે વિવિધ કક્ષાના આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ જયારે આજે પાંચ દાયકાના અંતે સેકટરોમાં સ્થિત સરકારી આવાસો પૈકી મોટાભાગના મરણપથારીએ છે. અલબત્ત રહેણાંકને લાયક રહ્યા નથી જોખમી મકાનો પણ તંત્ર દ્વારા ખાલી કરાવામાં આવી રહ્યા છે. સરકારી આવાસોમાં વર્ષોથી વસવાટ કરતા પરિવારોને પણ આવાસ સાથે એટલી હદે લગાવ થઈ ગયો હોય છે કે આવા પરિવારો લાંબા સમય સુધી મકાન ખાલી ન કરતા તંત્ર માટે મકાનોને કબજામુકત કરવાનુ પણ મુશ્કેલ બને છે. શહેરના સેકટરોમાં ઘણાંખરા મકાનો અનઅધિકૃત કબજેદારોની ગિરફતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે આવા આવાસો ખાલી કરાવવા માટે પણ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય નવ ગામના નાગરિકોને અંબાજીની યાત્રા કરાવશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ઉત્તર વિધાસભાના યુવા અને સક્રિય મહિલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ તરફથી મતવિસ્તારના નવ ગામના નાગરિકોને માં અંબાના આરાધનાના કેન્દ્ર એવા સુપ્રસિદ્ધ અંબાજી મંદિરે યાત્રા કરાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા ભક્તજનો માટે અંબાજીની યાત્રાના ભાડામાં ૫૦% રાહતની જાહેરાત કરવામાં આવી છે ત્યારે તે ઉપરાંતની ચૂકવવાની થતી રકમ ગાંધીનગર ઉત્તરના લોકપ્રિય ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ ચૂકવશે. જે અંતર્ગત ૧૨ ફેબ્રુઆરીના રોજ મોટી આદરજ અને ઉનાવા, ૧૩ ફેબ્રુઆરીના રોજ જલુંદ, ૧૪ ફેબ્રુઆરીના રોજ પીપળજ અને પિંડારડા, ૧૫ ફેબ્રુઆરીના રોજ રુપાલ અને સરઢવ, ૧૬ ફેબ્રુઆરીના રોજ વાસણ અને સોનીપુર ખાતેથી નાગરિકોને અંબાજી દર્શનાર્થે લઈ જવામાં આવશે. સવારે સાત કલાકે બસ જે તે સ્થાનેથી પ્રસ્થાન કરશે તેમજ રાત્રે આઠ કલાકે અંબાજી થી પરત ફરશે. ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલના આ પ્રજાલક્ષી નિર્ણયથી અનેક નાગરિકોને વિનામૂલ્યે મા અંબાના દર્શન કરવાનો અવસર પ્રાપ્ત થશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 — ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com